eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 305
February 10, 2012

## માહે જાન્યુઆરી ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૨ દરમ્યાન ૩૨૯૦ ઈન્ડોર તથા ૩૪૩૬૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૯૮ તથા ૬૦૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૨૮૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ચોથા સ્ટેટ ફાઈનાન્સ કમિશન,હરિયાણા રાજયના શ્રી એલ.એસ.એમ.સાલીન્સ ચીફ સેક્રેટરી ઓફ સ્ટેટ શ્રી રાજીવ રંજન,મેમ્બર સેક્રેટરી શ્રી ગ્યાનસીંઘ કામવોજ–કન્સલન્ટન્ટ શ્રી અજય ઠાકુર, રીસર્ચ ઓફીસરની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

તા.૦૪–૦૨–૨૦૧૨ ના રોજ ચોથા સ્ટેટ ફાઈનાન્સ કમિશન,હરિયાણા રાજયના શ્રી એલ.એસ.એમ.સાલીન્સ ચીફ સેક્રેટરી ઓફ સ્ટેટ શ્રી રાજીવ રંજન,મેમ્બર સેક્રેટરી શ્રી ગ્યાનસીંઘ કામવોજ–કન્સલન્ટન્ટ શ્રી અજય ઠાકુર, રીસર્ચ ઓફીસરની ટીમ ગુજરાત રાજયના પ્રવાસ દરમ્યાન તા.૪/૨/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો,રોડ,બ્રિજ,બીઆરટીએસ પ્રોજેકટ તથા નગરપાલિકાની કાર્યપધ્ધતિ નિહાળવા મુલાકાત લીધી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની ફાયર અને ઈમરજન્સી સર્વિસીસનાં ચીફ ફાયર ઓફિસરશ્રીનાં નેતૃત્વ હેઠળ ફાયર/રેસ્કયુ ટીમનાં જોઈન્ટ ઉપક્રમે ટેકટીકલ મોકડ્રીલનું આયોજન

તા.૦૪/૦૨/૨૦૧૨નાં રોજ સવારનાં ૭.૪૫ કલાકે ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન મંડળ (જી.એસ.ડી.એમ.એ.)નાં નિર્દેશન અનુસાર કલકત્તા ખાતે આવેલ એ.એમ.આર.આઈ. હોસ્પિટલની ભયાનક આગનાં બનાવ પછી લાઈફ સેફટી કોડ પ્રમાણે ફાયર ટેકટીકલ એકસરસાઈઝ કરવાનું સુચન થયેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જાન્યુઆરી ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૨ દરમ્યાન ૩૨૯૦ ઈન્ડોર તથા ૩૪૩૬૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૯૮ તથા ૬૦૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૨૮૪ એક્ષ—રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૮૯૫ અને જુના ૧૩૬૮ દર્દીઓ સહીત કુલ ૨૨૬૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૩૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૬૦૧ તથા આંખ વિભાગમાં ૨૫૦૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૧૩૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ચોથા સ્ટેટ ફાઈનાન્સ કમિશન,હરિયાણા રાજયના શ્રી એલ.એસ.એમ.સાલીન્સ ચીફ સેક્રેટરી ઓફ સ્ટેટ શ્રી રાજીવ રંજન,મેમ્બર સેક્રેટરી શ્રી ગ્યાનસીંઘ કામવોજ–કન્સલન્ટન્ટ શ્રી અજય ઠાકુર, રીસર્ચ ઓફીસરની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

તા.૦૪–૦૨–૨૦૧૨ ના રોજ ચોથા સ્ટેટ ફાઈનાન્સ કમિશન,હરિયાણા રાજયના શ્રી એલ.એસ.એમ.સાલીન્સ ચીફ સેક્રેટરી ઓફ સ્ટેટ શ્રી રાજીવ રંજન,મેમ્બર સેક્રેટરી શ્રી ગ્યાનસીંઘ કામવોજ–કન્સલન્ટન્ટ શ્રી અજય ઠાકુર, રીસર્ચ ઓફીસરની ટીમ ગુજરાત રાજયના પ્રવાસ દરમ્યાન તા.૪/૨/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો,રોડ,બ્રિજ,બીઆરટીએસ પ્રોજેકટ તથા નગરપાલિકાની કાર્યપધ્ધતિ નિહાળવા મુલાકાત લીધી હતી.

શહેરના વિવિધ પ્રોજેકટની મુલાકાત લઈ કમિશ્નરશ્રી એમ.કે.દાસ તથા વિવિધ વિભાગના વિભાગીય વડાઓ સાથે બપોરે ૧.૩૦ કલાકે જુના સ્થાયી સમિતિ ખંડમાં શહેરની સુખાકારી તથા વિવિધ સેવાઓ જેવી કે પાણી,ડ્રેનેજની સુવિધા અંગે,બીઆરટીએસ,ફલાય ઓવર બ્રિજ, નાઈટ સ્કેપીંગ,બ્રશીંગ ધ્વારા કચરાનો નિકાલ અંગે ડીસ્પોઝલ પ્લાન્ટ તથા શિક્ષણ, મેડીકલ કોલેજ, રસીકરણ માટેની સુવિધાઓ તથા નગરપ્રાથમિક શાળામાં બાળકોને અપાતી યુનિફોર્મ,બુટ,નોટબુક,કોમ્પ્યુટરની સુવિધા બાબતની માહિતી મેળવી સુરત મહાનગરપાલિકાને લગતી વિકાસની કામગીરીની માહિતી મેળવી ખુશી વ્યકત કરી હતી.

આ પ્રસંગે મા.કમિશ્નરશ્રી ધ્વારા કમીશનના સભ્યોનું પુષ્પગુચ્છ તથા મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કર્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકાની ફાયર અને ઈમરજન્સી સર્વિસીસનાં ચીફ ફાયર ઓફિસરશ્રીનાં નેતૃત્વ હેઠળ ફાયર/રેસ્કયુ ટીમનાં જોઈન્ટ ઉપક્રમે ટેકટીકલ મોકડ્રીલનું આયોજન

તા.૦૪/૦૨/૨૦૧૨નાં રોજ સવારનાં ૭.૪૫ કલાકે ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન મંડળ (જી.એસ.ડી.એમ.એ.)નાં નિર્દેશન અનુસાર કલકત્તા ખાતે આવેલ એ.એમ.આર.આઈ. હોસ્પિટલની ભયાનક આગનાં બનાવ પછી લાઈફ સેફટી કોડ પ્રમાણે ફાયર ટેકટીકલ એકસરસાઈઝ કરવાનું સુચન થયેલ છે.

તેનાં અનુસંધાનમાં શ્રી મહાવીર કાર્ડીયાક હોસ્પિટલ,અઠવાલાઈન્સ,રીંગરોડ,સુરત ખાતે ભારત સરકારશ્રીનાં (N.B.C.PART-IV) ધારાધોરણ પ્રમાણે શ્રી મહાવીર કાર્ડીયાક હોસ્પિટલની મેડીકલ રીસ્પોન્સ ટીમ અને સુરત મહાનગરપાલિકાની ફાયર અને ઈમરજન્સી સર્વિસીસનાં ચીફ ફાયર ઓફિસરશ્રીનાં નેતૃત્વ હેઠળ ફાયર/રેસ્કયુ ટીમનાં જોઈન્ટ ઉપક્રમે ટેકટીકલ મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી મહાવીર કાર્ડીયાક હોસ્પિટલનાં મેડીકલ ડાયરેકટર શ્રી એમ.સી.ડી.–સીલ્વા સાહેબ તથા ડે.ડાયરેકટરશ્રી(એડમીનીસ્ટ્રેશન)પીન્કી માજી ધ્વારા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવામાં આવેલ હતો. જેનાં અનુસંધાનમાં સદર હોસ્પિટલનાં  છઠ્ઠા માળે ઈલે.શોર્ટ સર્કીટનાં કારણે ફીમેલ નર્સ ડોરમેટરીમાં આગ લાગ્યાનું સીચ્યુએશન બનાવવામાં આવેલ હતું. અને કુલ ૪૦ થી ૪૫ કેઝયુલીટી/હોસ્પિટલ સ્ટાફ વિગેરેને ચોથા અને છઠા માળેથી ઈવેકયુએક કરવામાં આવેલ. સદર ઘટના સ્થળે ફાયર અને ઈમરનન્સી વિચભાગનાં ૦૨ હાઈડ્રોલિક પ્લેટફોર્મ, ૦૧ ફોર્મ ટેન્ડર, ૦૨ ફાયર એન્જીન, ૦૧ વોટરટેંકર અને ૦૨ એમ્બ્યુલન્સવાન અને ૨૦ અધિકારી/કર્મચારીઓની રેસ્કયુ ટીમનેટર્નઆઉટ આપવામાં આવેલ. આ મોકડ્રીલમાં શ્રી મહાવીર કાર્ડીયાક હોસ્પિટલની મેડીકલ રીસ્પોન્સ ટીમે ચીફ મેઈન્ટેનન્સ એન્જીનીયરશ્રી નિલેશ ધ્વારા ઈવેકયુએશન લાઈફસેફટી કોર્ડની પ્રેકટીસ કરી, તમામ સ્ટાફ સેલ્ફ કોન્ફીડન્સ ડેવલોપ કરેલ. જે પ્રસંશનીય બાબત છે. જેની સફળતાનું શ્રેય મહાવીર કાર્ડીયાક હોસ્પિટલનાં ચેરમેનશ્રી બાબુભાઈ ગાંધીના ફાળે જાય છે. જે સુરત શહેર માટે ગૌરવને પાત્ર છે.

TOP